અપીલ અરજી નં.૨ તા.૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ચંદુભાઈ ભીખાભાઈ રાંક

સામાવાળાઃ– ૧. ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
૨.ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
૩.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (આર ડી.ડી.)
૪ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશનસેલ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદુભાઈ ભીખાભાઈ રાંકની તા.૨૫–૨–૧૦ ની અરજીથી (૧) સીમાડા તથા સરથાણા ના ટી.પી.સ્કીમ મુજબ મંજુર થયેલ રસતાઓના લે આઉટ પ્લાનની નકલ આપશોજી. (૨) સીમાડા તથા સરથાણામાં આવેલ હયાત સોસાયટીઓમાં કુલ કેટલી સોસાયટીઓ આવેલી છે. તેમાંથી કેટલી સોસાયટીનો વેરો વસુલ કરવામાં આવે છે. આ વેરો કઈ તારીખથી શરુ કરવામાં આવ્યો તેની વિગતો આપશો. વર્ષ વાઈસ કુલ કેટલી રકમની આકારણી કરવામાં આવી કેટલી રકમની રીકવરી કરાઈ અને કુલ કેટલી રકમની ઉઘરાણી બાકી છે. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી ૧ થી ૧૧ પૈકી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨/૨૦૧૦–૧૧

શ્રી ચંદુભાઈ ભીખાભાઈ રાંકની તા.૨૫–૨–૧૦ ની અરજીથી (૧) સીમાડા તથા સરથાણા ના ટી.પી.સ્કીમ મુજબ મંજુર થયેલ રસતાઓના લે આઉટ પ્લાનની નકલ આપશોજી. (૨) સીમાડા તથા સરથાણામાં આવેલ હયાત સોસાયટીઓમાં કુલ કેટલી સોસાયટીઓ આવેલી છે. તેમાંથી કેટલી સોસાયટીનો વેરો વસુલ કરવામાં આવે છે. આ વેરો કઈ તારીખથી શરુ કરવામાં આવ્યો તેની વિગતો આપશો. વર્ષ વાઈસ કુલ કેટલી રકમની આકારણી કરવામાં આવી કેટલી રકમની રીકવરી કરાઈ અને કુલ કેટલી રકમની ઉઘરાણી બાકી છે. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી ૧ થી ૧૧ પૈકી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (પી એન્ડ ડી) ના પત્ર નં.ટી.ડી.ઓ./૬૦૦૯ તા.૨૩–૩–૧૦ થી આપેલ મુદ્દા નં.૫ ની માહિતી અધુરી તેમજ ૧ થી૪ અને ૬ થી ૯ મુદ્દા ની નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪ તા.૮–૪–૧૦ થી ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી,ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ,સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (આર ડી.ડી.) , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) તથા અરજદારને અપીલ અરજીમાં તબદીલ પત્ર મળેલ છે કે કેમ? તેમજ મુદ્દા નં.૫ માં અધૂરી માહિતીમાં શું નથી મળી? તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલે/આરટીઆઈ/૬૪૫ તા.૧૫–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનર શ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ તથા શહેર વિકાસ વિભાગ, કાર્યપાલક ઈજનેર (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર (આરડીડી વિભાગ) અને કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેશન સેલ) ને પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૭૦૬ તા.૨–૩–૧૦ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ , નગર નિયોજક તરફથી વરાછાઝોન આરડીડી વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ અને સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગને પત્ર નં.ટીડીઓ/૫૮૮૩ તા.૧૨–૩–૧૦ થી તબદીલ કર્યાના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તરફથી જેએનએનયુઆરએમ મધ્યસ્થ કચેરીને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૪૫ તા.૩૦–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારે દસ્તાવેજ ફી ના ભરપાઈ કરેલ રૂા.૧૯૮૦ /– ની રસીદ નં.૧૪૪૬૨૪ તા.૯–૪–૧૦ ની રસીદની નકલ તથા રૂા.૧૭૭૫/– ની રસીદ નં.૧૪૪૯૩૫ તા.૧૩–૪–૧૦ ની રસીદની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશનસેલ તરફથી પત્ર નં. એસયુસી/આ.નં.૬૬ તા.૧૨–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.એસયુસી/૨૮૪૧ તા.૧૬–૩–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોનનો પત્ર નં.૧૭૦૬ તા.૨–૩–૧૦ ના તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આરડીડી/આ.નં.૧૧૦ તા.૨૭–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૫–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે આઈ ડી નં.૧૬૦૧ તા.૨૫–૨–૧૦ થી નોંધાયેલ છે. જે સેન્ટ્રલઝોન તરફથી પત્રનં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧ ૭૦૬ તા.૨–૩–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ,મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ, વરાછાઝોન, આરડીડી વિભાગ, અને સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી વરાછાઝોન, આરડીડી વિભાગ, ટાઉન પ્લાનીંગ, અને સ્લમ અપગ્રેડેશન સેને પત્ર નંટીડીઓ/૫૮૮૩ તા.૧૨–૩–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી આરટીઆઈ સેલ/ આંન.૬૪૫ તા.૧૬–૩–૧૦ થી જેએનએનયુઆરએમ મધ્યસ્થ કચેરીને તબદીલ કરવામાં આવેલ. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧૦ સીસી રોડના વર્ક ઓર્ડરના નકલની માહિતી પૂરી પાડવામાં આવેલ છે તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર

નં.એસયુસી/આ.નં.૨૮૪૧ તા.૧૬–૩–૧૦ થી મુદ્દા નં.૧૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશ્નર(પીએન્ડડી) તરફથી પત્ર નં.ટીડીઓ/૬૦૦૯ તા.૨૩–૩–૧૦ થી મુદ્દા નં.૫ ની માહિતી આપવામાં આવેલ. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૪૫ તા.૩૦–૩–૧૦ થી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે ૩–૪–૧૦ થી મુદ્દા નં.૧૦ તેમન ૧૧ સિવાયના મુદ્દા નં.૫ ની અધૂરી તેમજ મુદ્દા નં.૧ થી ૪ અને ૬ થી ૯ ની નિર્ણય મળેલ ન હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૩૪ તા.૮–૪–૧૦ થી મુદ્દા નં.૫ માં અધૂરી માહિતીમાં શું નથી મળી તે અંગે જણાવવા તથા તબદીલ પત્ર મળેલ છે કે કેમ? તે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારને કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જેમાં (૧) સીમાડા તથા સરથાણા ના ટી.પી.સ્કીમ મુજબ મંજુર થયેલ રસ્તાઓના લે આઉટ પ્લાનની નકલ આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાફ્ટ ટીપી નં.૨૧( સરથાણા સીમાડા ) ના નકશાની નકલ દસ્તાવેજી ફી પેટે રૂા.૯૯૦ જમા કર્યેથી આપવામાં આવશે. ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક) ના નકશાની નકલ દસ્તાવેજ ફી પેટે રૂા.૯૯૦ જમાં કર્યેથી આપવામાં આવશે. તેવી માહિતી આપવામાં આવેલ છે. જે અરજદારે રસીદ નં.૧૪૪૬૨ ૪ તા.૯–૪–૧૦ થી ભરપાઈ કરેલ છે. (૨) સીમાડા તથા સરથાણામાં આવેલ હયાત સોસાયટીઓમાં કુલ કેટલી સોસાયટીઓ આવેલી છે. તેમાંથી કેટલી સોસાયટીનો વેરો વસુલ કરવામાં આવે છે. આ વેરો કઈ તારીખથી શરુ કરવામાં આવ્યો તેની વિગતો આપશો. વર્ષ વાઈસ કુલ કેટલી રકમની આકારણી કરવામાં આવી કેટલી રકમની રીકવરી કરાઈ અને કુલ કેટલી રકમની ઉઘરાણી બાકી છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સીમાડા તથા સરથાણા ગ્રામ પંચાયતને સુરત મહાનગરપાલિકામાં તા.૨૦–૬–૦૬ થી સમાવિષ્ટ કરવામાં આવ્યેથી ઝોન કચેરીના આકારણી દફતરે સીમાડાની કુલ ૩૪ સોસા. તથા સરથાણાની કુલ ૪૮ સોસા.ઓ દાખલ કરવામાં આવેલ છે જેની વેરો સને ૨૦૦૬–૦૭ ના વર્ષથી વસુલ કરવામાં આવેલ છે. જેનું વર્ષવાઈઝ પત્રક આ સાથે સામેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૩) સીમાડા તથા સરથાણામાં આવેલ હયાત સોસા.ઓમાંથી કુલ કેટલી સોસા.ઓના પ્લાન એસએમસી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તેમજ સુડા ધ્વારા કેટલી સોસા.ઓના મંજુર કરેલ પ્લાન સહિતની ફાઈલો એસએમસીને સુપ્રત કરવામાં આવેલ છે તેની માહિતી આપશો. કેટલી સોસા.ઓમાં કોઈ પણ પ્રકારના સત્તાવાળાઓ ધ્વારા મંજુરી ન આપવામાં આવી હોય પણ બાંધકામ થયેલ છે તે સોસા.ના નામની યાદી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરી ઉપલબ્ધ રેકર્ડ મુજબ સીમાડા તથા સરથાણા સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ સોસા.ના પ્લાન મંજુર કરવામાં આવેલ નથી. સુડા ધ્વારા સુરત મહાનગરપાલિકાને સરથાણા વિસ્તારની ૭૯ તથા સીમાડા વિસ્તારના ૨૦ મંજુર પ્લાનની ફાઈલો સુપરત કરવામાં આવેલ છે. મંજુર પ્લાન વિનાની સોસા.ઓ બાબતે ઝોન કચેરીએ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે.(૪) સુડા ધ્વારા મંજુર કરેલ સોસા.માં હાલમાં કે અગાઉ મંજુર થયેલ કોમન ઓપન પ્લોટમાં ઓર્ગોનાઈઝર ધ્વારા ગેરકાયદેસર રીતે થયેલ બિન અધિકૃત બાંધકામ, પાકા મકાનો બાંધકામ કરી વેચવામાં આવેલા હોય તેવી મિલ્કતનો કાયદેસર દસ્તાવેજ થઈ શકે કે નહીં તે બાબતની માહિતી આપશોજી. તેમજ આવા ગેરકાયદેસર મિલ્કતોને દુર કરવાની જવાબદારી કયા વિભાગની હોય છે. અને આ પ્રકારના થયેલ ગેરકાયદે બાંધકામ માટે કોને જવાબદાર ગણી શકાય. એસએમસી ધ્વારા આવા ગેરકાયદે બાંધકામ વાળી મિલ્કતનો વેરો વસુલવા પાછળનો શું પ્રયોજન ગણાય. કારણ કે વીજ કંપનીવાળા આવા વેરા રસીદ આધારે વીજજોડાણ આપે છે જેથી આ પ્રકારના વેરાબીલ ઈસ્યુ કરવાથી ગેરકાયદે દબાણો ઉપર અંકુશ લાવવાના બદલે પ્ર ોત્સાહન મળે છે જે માટે કોણ જવાબદાર ગણાય. તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોમન ઓપન પ્લોટમાં અર્ગોનાઈઝેર ધ્વારા બિનઅધિકૃત બાધંકામ કરી વેચવામાં આવેલી મિલ્કતનો કાયદેસરના દસ્તાવેજ બાબત ઝોન કચેરી વિભાગને લાગુ પડતું નથી. તેમજ ગેરકાયદેસર બાંધકામ મ્યુ. દફતરે દાખલ થવાથી કાયદેસર ગણાતું નથી. ગેરકાયદેસર બાંધકામને પ્રોત્સાહન મળે છે તે સ્વીકારી શકાય નહીં. ઝોન કચેરીના આકારણી દફતર ફકત મ્યુ. ટેક્ષ વસુલાતના હેતુસર જ મિલ્કત દાખલ કરવામાં આવે છે. જે દાખલ કર્યેથી મિલ્કત કાયદેસર બની જતી નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૫) હાલમાં સરથાણા સીમાડામાં આવેલ સોસા.માં મંજુર પ્લાન મુજબની સીઓપી ના ક્ષેત્રફળ વાળી જગ્યાની સ્થિતિ શું છે તેની વિગતવાર મોજુદ ખુલ્લી જગ્યાના ક્ષેત્રફળ જણાવશો. તેમજ સીઓપીમાં કેવા પ્રકારનું દબાણ હાલમાં માજુદ છે. તેની માહિતી આપશો. સીઓપીમાં કોઈ પણ પ્રકારનું કાયદેસર પાકુ બાંધકામ સભ્યો ધ્વારા કરવાનું હોય તો એસએમસી ની બાંધકામ પરમીશન મેળવવી જરૂરી હોય છે. તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સરથાણા તથા સીમાડામાં મંજુર પ્લાન મુજબના સીઓપીની હાલની સ્થિતિ બાબતે કોઈ રેકર્ડ ઝોન કચેરીએ ઉપલબ્ધ નથી. સીઓપીમાં બાંધકામ અંગે ડીસીઆરના નિયમ–૧૦.૬ (૪) (૩) મુજબ પરવાનગી મેળવવાની રહે છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(પીએન્ડડી) કક્ષાએથી પત્ર નં.ટીડીઓ/૬૦૦૯ તા.૨૩–૩–૧૦ થી સીઓપીમાં કોઈ પણ પ્ર કારનું કાયદેસર પાકુ બાંધકામ સભ્યો ધ્વારા કરવાનું હોય તો સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવવી જરૂરી હોય છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ૬. સરથાણા ખાતે આવેલ જય યોગેશ્વર રો હાઉસમાં મંજુર પ્લાન મુજબના સર્વીસ રોડ પર કુલ કેટલા પાકા મકાનો બાંધવામાં આવેલ છે તેની માહિતી આપશો. આ દબાણો દુર કરવાની અગાઉ કોઈ કામગીરી થઈ હતી કે નહીં? તે બાબતની માહિતી આપશો. આ સર્વીસરોડ મંજુર કરવા પાછળનું પ્રયોજન શું છે? તેની માહિતી આપશો. આ બાંધકામો કોર્પોરેશન કેટલા સમયમાં કાયદેસર કરશે આ પ્રકારના ગેરકાયદેસર દબાણ દુર નહીં કરવા પાછળ કોણ જવાબદાર ગણાય તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાફ્ટ ટીપી નં.૨૨ (સરથાણા–વાલક) બ્લોક નં.૧૬૪ માં આવેલ જય યોગેશ્વર રો હાઉસના મંજુર પ્લાન મુજબના આંતરીક રસ્તા પર કેટલા બાંધકામ આવેલ છે તે અંગે કોઈ રેકર્ડ ઝોન કચેરીએ ઉપલબ્ધ નથી. સદર સોસા.નો લે આઉટ પ્લાન સુડા ધ્વારા તા.૫–૭–૦૩ થી મંજુર કરવામાં આવેલ છે. અને બાંધકામો પણ સુડાના કાર્યકાળ દરમ્યાન થયેલ છે અને આ બાંધકામો દુર કરવા બાબત કોઈ કાર્યવાહી થયેલ હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. મંજુર પ્લાન વિરુધ્ધ થયેલા બાંધકામો કાયદેસર કરી શકાય નહીં ગેરકાયદેસર દબાણો દુર નહીં કરવા બાબતે જે સત્તા મંડળ જવાબદાર ગણાય. તેવી માહિતી આપેલ છે. (૭) બ્લોક નં.૨૬ અને ૩૩ મોજે સીમાડા ગામના લેટેસ્ટ રીવાઈજડ લે આઉટ પ્લાનની નકલ આપશો. આ મંજુર કરતાં સ્થળ પર કોઈ વધારાનું કોઈ ગેરકાયદેસર

બાંધકામાં હાલમાં નથી તેવો દાખલો કાઢી આપવા વિનંતી. જો કોઈ દબાણ હોય તો આવા દબાણો દુર કરવા જવાબદારી અધિકારીઓને ફરજમાં કોણ રુકાવટ લાવે છે તેની માહિતી આપશો. તેમજ આવા દબાણો દુર નહીં કરવા સરકારશ્રીનો કોઈ પરિપત્ર હોય તો નકલ આપવા મહેરબાની કરશો. હવેલીનું બાંધકામ કાયદેસર રીતે મંજુર કરવામાં આવેલ છે કે નહીં તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સરથાણા સીમાડામાં ખુલ્લા કરવાના ટીપી રસ્તાની માહિતી ઝોન કચેરીના રૂમ નં.૧૧૧ માં ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ મેળવી લેવા વિનંતી. ડ્રાફટ ટીપી નં.૨૨ (સરથાણા–વાલક) બ્લોક નં.૧૭૯ પૈકી ફા.પ્લોટ નં.૪એ તથા ૪બી માં આવેલ સંસ્કારવીલા સોસા.માંથી પસાર થતો ૯ મી. પહોળાઈ તથા તથા ૩૭૫ મી. લંબાઈનો ટીપી રસ્તો છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૮) સરથાણા સીમાડાના કુલ કેટલા ટીપી રસ્તા ખુલ્લા કરવાના બાકી છે અને આ કાર્યવાહી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે તેની માહિતી આપશો. તેમજ સંસ્કારવીલા સોસા.માંથી પસાર થતો મુખ્ય રસ્તો એ સોસા.નો આંતરિક રસ્તો છે કે ટીપી રસ્તો છે તેની માહિતી આપશો. તેમજ મંજુર પ્લાન મુજબ સ્થળ પર ટીપી રસ્તો હાલ મૌજુદ છે કે નહીં તેની લંબાઈ પહોળાઈ સાથે માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર નિર્દિષ્ટ પ્લાનની નકલ મેળવવા રૂા.૧૦૦૦ પ્રતિ ચો.મી. પ્રમાણે ઝોન કચેરીમાં ભરપાઈ કર્યેથી આપવામાં આવશે.જે બાબતે અરજદારે રસીદ નં.૧૪૪૯૩૫ તા.૧૩–૪–૧૦ થી નાણા ભરપાઈ કરેલ છે દબાણ અન્વયે કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. કઈ હવેલીના બાંધકામની માહિતી માંગેલ છે તે બાબતે સ્પષ્ટતા નથી. જરૂરી વિસ્તૃત વિગત આપ્યેથી ઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી મુજબ માહિતી આપવામાં આવશે. (૯) સરથાણા સીમાડામાં હાલમાં કોર્પોરેશનની કુલ કેટલી મિલ્કત આવેલી છે તેની માહિતી આપશો. નવા કેટલા અને કેવા પ્રકારના બાંધકામો કરવાનું આયોજન છે આ અંગેના ખર્ચની કુલ કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના રકેર્ડ પર ચોકકસ માહિતી નથી. સમગ્ર હકીકત જોતાં અરજદારને મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી લાગત જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. જે પૈકી મુદ્દા નં.૧૦ અને ૧૧ અંગે અરજદારે કોઈ વિવાદ ઉત્પન કરેલ નથી. જેથી તે અંગે કોઈ તકરારને સ્થાન નથી. જયારે મુદ્દા નં. જેમાં ૭ બાબતે અરજદારને હવેલી અંગેની માહિતી બાબતે જરૂરી વિસ્તૃત વિગતો પૂરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. તેમજ મુદ્દાનં.૯ અંગે રેકર્ડ પર ચોકકસ માહિતી નહીં હોવાનું જણાવેલ છે પરંતુ મનપાની મિલ્કતની માહિતી દફતરે હોવાનું અનુમાનિત છે. જેથી તે આપવા પાત્ર થાય. જયારે આયોજન અંગે કોઈ માહિતી હોય તો હકીકતલક્ષી બજેટની જોગવાઈના પરિપ્રેક્ષ્યમાં આપવા થાય. આ બાબત આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ આવે. મુદ્દા નં.૮ અંગે નિયત ફી ભર્યેથી નકશાની નકલ આપવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે. જેથી તે અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં.૫ અંગે બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી માહિતી આપેલ જણાય છે. મુદ્દા નં.૩,૫ અને ૬ અંગે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી આપી તે માહિતી ઉપલબ્ધ નથી તે અંગે તેમ જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી આપવાની જોગવાઈ સાથે તે બાબત સુસંગત છે. અરજદારને અપીલ તબકકે નારાજગીના મુદ્દા આધાર સહ સ્પષ્ટ કરવા તક આપવા છતાં રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી પૈકી મુદ્દા નં.૯ ની જા હેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૭ અંગે હવેલી અંગે જરૂરી વિસ્તૃત વિગતોની માહિતી આપ્યેથી પૂરી પાડવા તથા મુદ્દા નં.૮ અંગે પણ નિર્દિષ્ટ ફી ભરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે જે અરજદાર ઈચ્છુક હોય તો વિગત આપી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (આર ડી.ડી.), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદુભાઈ ભીખાભાઈ રાંક